# નજીવી રાહત : રાજ્યમાં ૨૧,૨૨૫ નવા કેસ

## કોરોનાના કેસમાં ઘટાડો પણ મૃતકોની સંખ્યામાં વધારો : અત્યાર સુધીમાં કુલ ૮,૯૫,૭૩૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે : રાજ્યનો રિકવરી રેટ ૯૮.૫૮ ટકા

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં કોરોના રોજેરોજ ફૂંફાડા મારી રહ્યો હોય તેવી સ્થિતિ છે. તેવામાં રાજ્યમાં કોરોનાના રોજ નવા ૨૦ હજારથી પણ વધારે કેસ



આવી રહ્યા છે. જો કે આજે કોરોનાના કેસમાં આંશિક રાહત મળી હતી. રાજ્યમાં આજે ૨૧,૨૨૫ નવા કેસ નોંધાયા હતા. જે કાલની તુલનાએ ઓછા હતા. જેને આંશિક રાહત કહી શકાય. બીજી તરફ ૯૨૪૫ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૯૫,૭૩૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યનો રિકવરી રેટ પણ ઘટીને ૯૮.૫૮ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રાજ્યના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૨,૧૦,૬૦૦રસીના ડોઝ અપાયા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૧૧૬૮૪૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૭૨ વેન્ટીલેટર પર છે જ્યારે ૧૧૬૬૯૧ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત આજે ૮,૯૫,૭૩૦ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦૨૧૫ નાગરિકોનાં મોત પણ તઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧૬ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશન ૧, સુરત કોર્પોરેશન ૨, સુરત ૨, વડોદરા ૧, ખેડા ૧ અને ભાવનગરમાં ૧ નાગરિકનું મોત થયું છે. અત્યાર સુધીમાં કુલ ૧૬ નાગરિકોનાં મોત થયા છે.

આ ઉપરાંત રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડીર હી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૩૦ને રસીનો પ્રથમ, ૪૫૯ વર્કરને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારીને ઉંમરના ૫૩૫૪ને રસીનો પ્રથમ અને ૨૪૫૯૪ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૭૬૫૪ ને રસીનો પ્રથમ અને ૬૪૦૬૫ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૮ વર્ષના ૩૬૩૩૦ નાગરિકોને રસીના ડોઝ અપાયા હતા. ૫૨૧૧૪ નાગરિકોને પ્રિકોર્શન ડોઝ અપાઈ ચુક્યા છે.

## મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી આવ્યા કોરોનાની ઝપેટમાં

### ગુજરાતમાં કોરોના-ઓમિક્રોનના રેકોર્ડબ્રેક કેસ વચ્ચે મંત્રીઓ-ધારાસભ્યો- અધિકારીઓ પણ થઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૨૧

રાજ્યના મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ૧૭મીએ રિપોર્ટ કરાવતા નેગેટિવ આવ્યો હતો. તેમ છતાં લક્ષણો યથાવત રહેતા તેમણે ફરીથી ૧૯મીએ RTPCR ટેસ્ટ કરાવ્યો હતો, જેમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગાંધીનગર ખાતે નિવાસ સ્થાને હોમ આઈસોલેટ થયા હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતભરમાં કોરોના-ઓમિક્રોનના કેસોમાં રેકોર્ડબ્રેક વધારો જોવા મળ્યો છે. ત્યાર ગાંધીનગરમાં પણ કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો છે, જેમાં છેલ્લા કેટલાક દિવસોથી અનેક મંત્રી, ધારાસભ્યો અને અધિકારીઓ કોરોનાની ઝપેટમાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## રાજ્યમાં વેન્ટિલેટર પર રહેલા દર્દીની સંખ્યામાં ૨૪૩%નો ઉછાળો

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં કોરોના ફૂંફાડા મારી રહ્યો છે. કોરોનાના કેસ આજે ૨૦ જાન્યુઆરીએ પહેલીવાર ૧ લાખને પાર થઈ ચુક્યાં છે. રાજ્યમાં કોરોનાને પગલે સ્થિતિ કથળી રહી છે.

ગુજરાતમાં એક્ટિવ કેસની બાબતે ૧ લાખનો આંકડો બીજીવાર પાર થઈ ચુક્યો છે. અગાઉની તુલનાએ આ લહેર વધારે ભયાનક થઈ રહ્યો છે. ૧૧ દિવસમાં કોરોનાની પીક આવે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે હાલ તો કોરોનાનો આંકડો હદપાર થઈ ચુક્યો છે. જો કે નાગરિકો હજી પણ આ કોરોનાના વેરિયન્ટને હળવાશથી લઈ રહ્યા છે.

આ કોરોનાથી માત્ર શરદી-તાવ અને ઉધરસ થાય છે અને પછી તે ઝડપથી સાજા થઈ જાય છે તેવું લોકો માની રહ્યા છે. જો કે આ વ્હેમ બને તેટલો ઝડપી કાઢી નાખો અને કોરોના ગાઈડલાઈનનું પાનલ કરશો તો જ બચી શકશો. આ અંગે આંકડાકીય રીતે વાત કરીએ તો રાજ્યમાં ૧૩ જાન્યુઆરીએ ૫૦૬૧૨ એક્ટિવ કેસ હતા. ત્યારે ૬૪ દર્દીઓ વેન્ટિલેટર પર હતા. જે ૭ દિવસ બાદ એટલે કે ૨૦ જાન્યુઆરીએ વધીને ૧૦૪૮૮૮ એક્ટિવ કેસ થઈ ગયા. વેન્ટિલેટર પર રહેલા દર્દીઓની સંખ્યા ૧૫૬ થઈ ગઈ. જે ૨૪૩ ટકાનો ઉછાળો સુચવે છે.

# સોમનાથમાં અતિથિગૃહનો મોદીએ પ્રારંભ કરાવ્યો

## આવનાર સમયમાં સોમનાથ ટુરિસ્ટ પોઇન્ટ બની જશે : ૩૦.૫૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા આલિશાન અતિથિગૃહ ખાતેથી મંદિર પરિસર, અરબી સમુદ્રનો નજારો માણી શકાશે






ગીર સોમનાથ, તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતવર્ષના આસ્થા કેન્દ્ર ભગવાન સોમનાથ મહાદેવના સાનિધ્યમાં અને અરબી સમુદ્રના કિનારે રૂ. ૩૦.૫૫ કરોડના ખર્ચે નવનિર્મિત આલિશાન અતિથિગૃહનો વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો છે. આ દરમિયાન તેમણે સંબોધન કરતા જણાવ્યું કે, ભગવાન સોમનાથની આરાધનામાં આપણાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે, 'ભક્તિ પ્રદાનાય કૃપા અવતિરણમ કમ સોમનાથમ પ્રપ્ધ્યેય' એટલે ભગવાના સોમનાથની કૃપા અવતિરણ હોય છે. હું આ વિકાસ કાર્યને દાદાની કૃપા માનું છું. થોડા સમય પહેલા અહીં અનેક વિકાસ કામના લોકાર્પણ થયા હતા અને હવે મંદિરની નજીક સર્કિટ હાઉસ બનતા અનેક લોકોને લાભ મળશે. પીએમ મોદીએ વધુમાં ઉમેર્યુ હતું કે, યાત્રાળુઓને સર્કિટ હાઉસમાંથી સમુદ્ર કિનારો અને સોમનાથ મંદિરના દર્શન પણ થશે. ૧ કરોડ શ્રદ્ધાળુઓ સોમનાથ મંદિરમાં શીશ ઝુકાવવા આવે છે અને સાથે ઘણી બધી યાદોને લઈને જતા હોય છે. જેથી આવનાર સમયમાં સોમનાથ ટુરિસ્ટ પોઈન્ટ બની જશે.

તેમણે જણાવ્યું કે, 'જીવ હી શિવ હૈ'ના સૂત્રને સોમનાથ મંદિર ટ્રસ્ટે સાર્થક કર્યુ છે. ગુજરાતની વાત કરવામાં આવે તો દ્વારકા, સોમનાથ, કચ્છ, ધોળાવીરાની અચૂક યાદ આવી જાય છે. આ સાથે વિવિધ ધાર્મિક સ્થળનો પીએમ મોદીએ ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત તેમણે છેલ્લા ૭ વર્ષમાં સરકાર દ્વારા પર્યટન ક્ષેત્રમાં હરળફાળ વિકાસ કરવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પણ પાઠવ્યા હતા.

આ આલિશાન ચાર મંજિલ અતિથિગૃહ કુલ ૧૫૦૦૦ ટો.મી એરિયામાં ફેલાયેલું છે. જેનો કુલ કાર્પેટ એરિયા ૭૦૭૭ ચોમી છે. અદ્યતન સુવિધા સાથેના આ સરકીટ હાઉસમાં ૨ વીવીઆઈપી સ્યૂટ રૂમ, ૮ વીવીઆઈપી રૂમ, ૮ વીઆઈપી રૂમ ૨૪ ડીલક્ષ રૂમ સાથે કિચન, જનરલ અને વીઆઈપી ડાઈનિંગ, સ્ટોર રૂમ, કોન્ફરન્સ રૂમ અને ૨૦૦ લોકોને સમાવતો ઓડિટોરિયમ હોલ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ સરકીટ હાઉસ ખાતેથી અરબી સમુદ્ર અને સોમનાથ મંદિર પરિસરનો નજારો માણી શકાશે.



## ભિલોડા તાલુકામાં વાદળછાયું વાતાવરણ સર્જાયું કુદરતે કરવટ બદલી જગતનો તાત ચિંતામાં ગરકાવ

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસર વર્તાતા વારંવાર વાતાવરણમાં પલ્ટો આવતા વાઈરલ બિમારીઓનું પ્રમાણ વધ્યું છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ભરશિયાળે વાદળછાયું વાતાવરણ સર્જાયું છે.કમોસમી વરસાદના એંધાંણ વર્તાઈ રહ્યા છે.ખેતીના વિવિધ પ્રકારના પાકોને નુકસાનની ભીતિ છે.વહેલી સવારે ધુમ્મસભર્યુ વાતાવરણ સર્જાયું હતું.વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા હતા.

# ધાણધાના કારખાનામાંથી ૨.૨૧ લાખના ભંગારની ચોરી

બાયડ, તા. ૨૧

હિંમતનગરના ધાણધા વિસ્તારના કારખાનામાં રાત્રિના સમયે શટરના નકુચા તોડી અંદર પ્રવેશેલા તસ્કર રૂ. ૨,૨૧,૮૨૦ની કિંમતના બ્રાશ તેમજ એલ્યુમીનીયમના ભંગારની ચોરી કરી પલાયન થઈ જતાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસે કારખાના માલિકની ફરિયાદના આધારે પૂર્વ કામદાર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ હિંમતનગરના મહાવીરનગર વિસ્તારની બોમ્બે સોસાયટીમાં રહેતા અને સ્ક્રેપના વ્યવસાયી ઉમેશકુમાર જગદીશચંદ્ર સમાનાણીનું ધાણધા વિસ્તારમાં વૈભવલક્ષ્મી ટ્રેડર્સ નામે કારખાનું આવેલું છે જેમાં પેઢી માલિક દ્વારા બ્રાશ તેમજ એલ્યુમીનીયમનો ભંગાર કારખાનાના પાછળના ભાગે એકત્ર કરવામાં આવ્યો છે જ્યાં તા.૧૪-૧૫ ની રાત્રિના સમયે તસ્કરોએ કારખાનાના શટરના નકૂચા તોડવાની સાથે લગાવાયેલા પતરાંના નટબોલ્ટ ખોલી અંદર પ્રવેશ કર્યો. એલ્યુમીનીયમ તેમજ બ્રાશનો ભંગાર તસ્કરો ઉઠાવી ફરાર થઈ ગયા હતા. કારખાના માલિકને બીજા દિવસે સવારે કારખાનામાંથી રૂ. ૨,૨૧,૮૨૦ની કિંમતનો ભંગાર ચોરાઈ ગયાનું જણાઈ આવ્યું જેથી અગાઉ કારખાનામાં કામ કરતા સોહન ઉર્ફે સુનિલશંકર લીંબાત(રહે. દેવડગામડી, તા. વિંછીવાડા, રાજસ્થાન) ઉપર શંકા ગઈ. ફોન કરીને કામદારને બોલાવવા છતાં તે આવું છું કહીને કારખાનામાં આવ્યો ન હોવાથી ભંગારની ચોરીમાં તે સામેલ હોવાની આશંકા સાથે પોલીસ ફરિયાદ આપવામાં આવી છે.

## જિલ્લાની પ્રજામાં જાગૃતતા : લગ્નની આમંત્રણ પત્રિકાઓમાં કોવિડ ગાઈડલાઈનનું પાલન કરવા અપીલ

બાયડ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વાવાઝોડાની જેમ પ્રસરતાં આગામી દિવસોમાં વિસ્ફોટક સ્થિતિના સંકેત મળી રહ્યા છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં આગામી દિવસોમાં જેમના ઘરે લગ્નના અવસર યોજાવવાના છે તેવા અનેક જાગ્રત પરિવારોએ લગ્ન પત્રિકામાં સરકારની કોવિડ ગાઈડલાઈનનું પાલન અવશ્ય કરવું તેવું પત્રિકાના મુખ્ય પૃષ્ઠ ઉપર પ્રિન્ટ કરાવી સાચા અર્થમાં રાષ્ટ્ર ઉપર આવી પડેલી આપત્તિમાં જાગૃતતા દાખવી મદદરૂપ થવાનો સામાન્ય પ્રયાસ કર્યો છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લગ્નના અવસર હોય એટલે ૫૦૦ થી ૫૦૦૦ લોકોનો જમણવાર હોય છે. ચોક્કસ સમાજમાં લગ્ન સમયે ૧૫૦૦ થી વધુ લોકોને ભોજન સમારંભનું નિમંત્રણ હોય છે પરંતુ કોરોના વકર્યા પછી સતત માર્ગદર્શિકાઓમાં ફેરફાર થઈ રહ્યો છે. બંને જિલ્લામાં કોરોના વિસ્ફોટ જેવી સ્થિતિ છે.

રાજ્યમાં પણ કોરોનાની ત્રીજી લહેર હાવિ થતાં સરકાર દ્વારા કોરોનાની ગાઈડલાઈન મુજબ ૧૫૦ થી વધુ લોકોને આમંત્રણ આપી ન શકાય તેવી જોગવાઈ કરી છે અને કેટલાક અપવાદને બાદ કરતાં મોટાભાગના પરિવારોએ પ્રસંગ અને જમણવાર ટૂંકાવીને કોરોના ગાઈડલાઈનનો અમલ શરૂ કર્યો છે.

ત્યારે ઈડર તાલુકામાં યોજાનારા લગ્નના અવસરમાં એક પરિવારે લગ્નની પત્રિકાના કવર ઉપર નામદાર સરકારની કોવિડ ગાઈડલાઈનનું પાલન અવશ્ય કરવું. તેમ જણાવી લગ્નમાં આવનારા દરેક લોકોએ માસ્ક ફરજીયાત પહેરવો અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા પણ ખાસ અપીલ કરી છે. ઈડર તાલુકાના પટેલ પરિવારની જેમ હવે પછી જેમના ત્યાં લગ્નના અવસર યોજાવવાના છે તેવા પરિવારો પણ આજ રીતે જાગૃતતા દાખવે તો કોરોનાની ત્રીજી લહેર ભલે ભયંકર વાવાઝોડારૂપે કેમ ન હોય તેને અવસરમાં પલ્ટી શકાય છે.

## બનાસકાંઠામાં શરદી-ખાંસી અને વાઈરલના કેસોમાં વધારો : નવા ૧૭૪ કોરોના પોઝેટીવ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠામાં એક તરફ કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. બીજી તરફ જિલ્લાના લોકોમાં શરદી-ખાંસી અને વાઈરલના કેસોમાં ખુબ જ વધારો જોવા મળી રહ્યો છે. જેને લઈને સરકારી-ખાનગી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. જિલ્લાની સરકારી-ખાનગી હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. મોટા ભાગના લોકોમાં શરદી ખાસીના લક્ષણોના સારવાર માટે આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં ગુરુવારે ૧૭૪ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. ઉત્તરાયણ બાદ માત્ર ૩ જ દિવસમાં ઉડીને આંખે વળગે તેવા નોંધપાત્ર કેસો સામે આવતા જિલ્લામાં એક્ટિવ કેસનો આંક ૮૦૪ પર પહોંચ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૯૩ ઈઁઝઈ અને ૧૪૩૩ એન્ટીજન ટેસ્ટ મળી કુલ ૪૦૨૬ ટેસ્ટ કરાયા હતા.

જિલ્લામાં હજુ પણ કેટલાંક લોકો લાપરવાહી દાખવી માસ્ક તેમજ સોસ્યલ ડીસ્ટન્સ નો અમલ કરતાં નથી જયારે મુખ્ય બજાર તેમજ ખુલ્લા શાક માર્કેટમાં કોરોના ને આમંત્રણ અપાતું હોય તેમ લોકો લાપરવાહી દાખવી રહ્યાં છે.

હાલમાં દર ત્રીજા ઘરમાં અને દરેક પરીવારમાં એક થી બે લોકો તાવ, શરદી અને ખાંસીના લક્ષણો ધરાવે છે. જેથી તેઓ પણ તુરંત હોસ્પિટલ અથવા મેડીકલમાંથી દવા લાવી રહ્યાં છે. જયારે ખાનગી લેબોરેટરીમાં પણ ટેસ્ટ કરાવી રહ્યા છે જેથી લોકોમાં જાગૃતતા આવી છે.

### સંક્રમણની આંધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુડાસણમાં ૫ વર્ષનો દિકરો, કોબામાં ૬ વર્ષનો દિકરો, વાવોલમાં ૮ વર્ષનો દિકરો, સરગાસણમાં ૧૦ વર્ષનો દિકરો, સરગાસણમાં ૭ વર્ષની દિકરી, કોબામાં ૧૦ વર્ષની દિકરી, ઈન્ફોસીટીમાં ૯ વર્ષની દિકરી, રાંદેસણમાં ૬ વર્ષનો દિકરો, સે. ૨૩ માં ૧૦ વર્ષનો દિકરો, રાયસણમાં ૯ વર્ષનો દિકરો, વાવોલમાં ૫ વર્ષની દિકરી અને સે. ૨૩ માં ૬ વર્ષની દિકરીનો સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ સંક્રમણ વધી રહ્યુ છે. કુડાસણમાં ૫૩ કેસ, રાંદેસણમાં ૧૯ કેસ, રાયસણમાં ૩૪ કેસ, વાવોલમાં ૪૪ કેસ, પેથાપુરમાં ૪૨ કેસ, સરગાસણમાં ૫૪ કેસ, ઝુંડાલમાં ૧૦ કેસ, કોલવડામાં ૩ કેસ, આઈ.આઈ.ટી.માં ૪ કેસ, ઈન્ફોસીટીમાં ૩ કેસ, કોબામાં ૧૬ કેસ, સુઘડમાં ૮ કેસનો સમાવેશ થાય છે.

કુડાસણ, કોબા, રાયસણ, રાંદેસણ, સરગાસણ, ઝુંડાલ, પેથાપુર અને વાવોલ આ લ્હેરમાં પણ હોટસ્પોટ તરીકે ઉભરી આવ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૧૯ માં ૩૧ કેસ, સે. ૨ માં ૩૪ કેસ, સે. ૩ માં ૨૦ કેસ, સે. ૪ માં ૯, સે. ૫ માં ૧૬, સે. ૬ માં ૧૩, સે. ૭ માં ૧૦, સે. ૮ માં ૭, સે. ૧૨ માં ૧૨, સે. ૨૧માં ૧૦, સે. ૨૨ માં ૧૨, સે. ૨૩ માં ૧૦, સે. ૨૬ માં ૨૫, સે. ૨૯ માં ૨૭, સે. ૨૭ માં ૧૦, સે. ૨૮ માં ૯ અને સે. ૩૦ માં ૧૫ કેસ નોંધાયા છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્ર પણ સ્તબ્ધ છે. શહેરમાં ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

શહેરમાં આજે ૨૫૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૧૯ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરમાં કોરોના ગાઈડલાઈન્સ તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન અને હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

### ધમધમાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેરાત કરાઈ જેમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત કેન્દ્રિય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, પૂર્વ મંત્રીઓ સર્વ આર.સી. ફળદુ, જસવંતસિંહ ભાભોર, કોષાધ્યક્ષ સુરેન્દ્રભાઈ પટેલ, સંગઠન મહામંત્રી રત્નાકરભાઈ, કાનાજી ઠાકોર, સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, રાજેશભાઈ ચુડાસમા અને દિપીકાબેન સરડવાનો સમાવેશ થાય છે. ભાજપના ઈતિહાસમાં પહેલી વખત આર્થિક વ્યવસ્થાપન સમિતિની પણ રચના કરાઈ છે. જે સમિતિ ચૂંટણી માટે ફંડ એકત્ર કરશે અને ફંડની યોગ્ય વ્યવસ્થા પણ કરશે. સમિતિમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સંગઠન મહામંત્રી રત્નાકરભાઈ તથા પ્રદેશ કોષાધ્યક્ષ સુરેન્દ્રભાઈ પટેલ અને સહ કોષાધ્યક્ષ ધર્મેન્દ્ર સાહનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ઘણાં લાંબા સમય પછી અનુશાસન સમિતિની પણ રચના કરાઈ છે જેના કન્વીનર પદે મોહનભાઈ કુંડારીયા નિમાયા છે અને તેમની સાથે અન્ય ચાર સભ્યોમાં ભરતભાઈ બારોટ, પુષ્પદાન ગઢવી, કનુભાઈ માવાણી અને જયાબેન ઠક્કરનો સમાવેશ થાય છે. આમ ભાજપમાં ચૂંટણી માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

### એક્ટિવ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધીમાં કુલ ૩,૬૦,૫૮,૮૦૬ લોકો ચેપને કારણે સાજા થયા છે. રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં લોકોને રસીના ૧૬૦.૪૩ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. તે જ સમયે, દેશમાં અત્યાર સુધીમાં ૭૧.૧૫ કરોડ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯,૩૫,૯૧૨ ટેસ્ટનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં ગુરુવારે કોરોના વાયરસના સંક્રમણના નવા ૧૪,૪૨૪ નવા કેસ નોંધાયા હતા. જે રોગચાળાની શરૂઆત પછી નોંધાયેલા દૈનિક કેસોની સૌથી વધુ સંખ્યા છે. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે, પુણેમાં કોવિડ-૧૯થી નવ દર્દીઓના મોત થયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ચેપના ૧૨,૯૬,૩૯૮ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૧૯,૩૩૩ પર પહોંચી ગયો છે. પુણેમાં સંક્રમણનો દર ૩૫ ટકાથી વધુ છે. વિશ્વ આરોગ્ય સંગઠનના ઈમરજન્સી હેડ ડો. માઈકલ રેયાનનું કહેવું છે કે આ વર્ષે કોરોના પર જાહેર આરોગ્ય કટોકટી સમાપ્ત થઈ શકે છે. જેમણે ૨૦૨૦માં કોરોના પર વર્લ્ડ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી હતી. ડૉ. રાયને કહ્યું છે કે, જો આપણે ગરીબ અને સમૃદ્ધ દેશો વચ્ચે રસીઓ અને દવાઓના વિતરણમાં ભારે અસમાનતા દૂર કરીએ તો આ વર્ષે આપણે કોરોના વાયરસ, મૃત્યુ, હોસ્પિટલમાં દાખલ થવા અને લોકડાઉનની ખરાબ વર્તણૂકને અટકાવી શકીએ છીએ. ડૉ. રાયને કહ્યું હતું કે, હવે આપણે આ વાયરસને ક્યારેય દૂર કરી શકીએ નહીં કારણ કે, આ વાયરસ હવે આપણી ઈકોસિસ્ટમનો ભાગ છે પરંતુ જો આપણે કેટલીક વસ્તુઓ કરી શકીએ તો આપણી પાસે જાહેર આરોગ્યની કટોકટીને દૂર કરવાની સારી તક હોઈ શકે છે. ડબ્લ્યુએચઓના ઈમરજન્સી પ્રમુખે ગરીબ અને સમૃદ્ધ દેશો વચ્ચેની રસી અસમાનતાને ભયંકર નૈતિક નિષ્ફળતા ગણાવી છે. તેમણે કહ્યું છે કે, આ એક વિડંબના છે કે, એક તરફ સમૃદ્ધ દેશોમાં ૮૦ ટકા લોકોને રસીનો બંને ડોઝ મળ્યો છે, જ્યારે ગરીબ દેશોમાં અત્યાર સુધીમાં ૧૦ ટકા લોકોને રસીનો એક પણ ડોઝ મળ્યો નથી.

### બ્રિટનમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લીધો છે. એટલું જ નહીં, ૨૭ જાન્યુઆરીથી ઘરની બહાર માસ્ક પહેરવું પણ ફરજિયાત નહીં હોય. બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જોન્સને કહ્યું છે કે, દેશની ૭૨% વસ્તીએ કોરોના રસીના બંને ડોઝ મેળવ્યા છે, જ્યારે ૫૫% લોકોને બૂસ્ટર ડોઝ મળ્યા છે. આવી સ્થિતિમાં બ્રિટનની ૯૫% વસ્તીને ચેપ અથવા રસીની અસરને કારણે એન્ટિબોડી સુરક્ષા મળી છે. બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી સાજિદ જાવિદે ગુરુવારે કહ્યું કે તેમના દેશે કોવિડ-૧૯ સાથે જીવતા શીખવું જોઈએ. તેમણે કહ્યું કે સરકારે કોરોના વાયરસ પ્રતિબંધો હટાવ્યા બાદ બ્રિટન અન્ય દેશોની સરખામણીમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. સાજિદ જાવિદે કહ્યું, 'આપણે તેની સાથે જીવતા શીખવું પડશે. તે દુઃખદ છે કે લોકો ફલૂથી પણ મૃત્યુ પામે છે. ખરાબ ફલૂના વર્ષમાં તમે લગભગ ૨૦,૦૦૦ લોકોના મૃત્યુ જોયા છે. પરંતુ અમે અમારા આખા દેશને ફરીથી બંધ કરી શકતા નથી.'

અ.વિ. વ. શ્રી એસ. ડી. ઝાલા

જાહેર નોટીસ

અરવલ્લી જીલ્લાના મે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. મોડાસા

ગાર્ડીયન, અરજ નં. ૦૨/૨૦૨૨

મુ. તા. ૮/૨/૨૦૨૨

આંક-૫

અરજદાર : હીનાબેન તે હર્ષદભાઈ જીવાભાઈ રાઠોડની દીકરી - રહે. ટોટુ, તા. બાયડ, જી. અરવલ્લી

વિરૂદ્ધ

સામાવાળા : (૧) સોલંકી રમેશકુમાર મુળજીભાઈ

(૨) વાઘેલા ગીતાબેન અનીલભાઈ

અ.નં.૧ રહે ઘર નં.૨૨, રિદ્ધી રેસીડેન્સી સોસાયટી, અસ્તાનગામ, તા. બારડોલી, જી. સુરત

અ.નં.૨ રહે ગોપીકુંજ સોસાયટી પારસની બાજુમાં, મેઘરજ રોડ, તા. મોડાસા, જી. અરવલ્લી

અરજ : ગાર્ડીયન એન્ડ વોડઝ એક્ટ ૧૮૯૦ની કલમ-૭,૮,૧૨ મુજબ બાળકનો કબ્જો લેવા અરજ.

આથી આ જાહેર નોટીસ આપી લાગતાવળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે અત્રેની કોર્ટમાં ગાર્ડીયન અરજી દાખલ કરેલ છે, જે અરજી મુજબ અરજદારના લગ્ન આ કામના સામાવાળા સાથે ૧૭/૫/૨૦૦૯ના રોજ ૧૩ વર્ષ અગાઉ થયેલા તેમજ સામાવાળાના લગ્ન જીવનથી સંતાનમાં બે પુત્રીઓનો જન્મ થયેલ. જેમાં સૌથી મોટી દીકરી ધ્રુવીબેન ઉ.વ. ૧૧ અને નાની દીકરી જીયાન્સી ઉ.વ.૮ની છે. સામાવાળા અમારી સાથે મારઝુડ કરતા અમો અરજદારે બાયડના મહે. જ્યુ. ફ.ક. મેજી. સાહેબની કોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૧૪૫/૧૭ દાખલ કરેલ જે કોર્ટે મંજુર કરે અને કોર્ટના હુકમ મુજબ અમોને ભરણપોષણ ચુકવવાનો હુકમ કરેલ.

અમો અરજદારની મોટી દીકરી ધ્રુવિબેન સામા નં. ૨ વાઘેલા ગીતાબેન અનીલભાઈ. સાથે, ગોપીકુંજ સોસાયટી પારસની બાજુમાં મેઘરજ રોડ, તા. મોડાસા, જી. અરવલ્લી રહે જ્યારે નાની દીકરી જીયાન્સી અમારા પાસે છે. અમો અરજદાર અમારી દીકરી ધ્રુવિબેનને જ્યારે જ્યારે મળવા જઈએ ત્યારે આ કામના સામાવાળાઓ અમને અમારી દીકરી ધ્રુવિબેનને મળવા દેતા નથી કે ફોન ઉપર વાતચીત કરવા દેતા નથી.

અમો અરજદારની દાદ છે કે અમારી દીકરી ધ્રુવિબેનને મહિનાના બે વખત સામા. અમો અરજદારને મુલાકાત કરવા દે તેવી માંગ કરેલ છે.

તો કોઈપણ ઈસમને અરજદારને તેમની દીકરી ધ્રુવિબેનને મહિનાના બે વખત સામા. અમો અરજદારને મુલાકાત કરવા સામે કોઈપણ ઈસમને જો કોઈ વાંધો કે તકરાર હોય તો તેમણે જાતે અગર તેમના માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં મુદત તારીખ ૮/૨/૨૦૨૨ના રોજ કલાક ૧૧:૦૦ વાગે હાજર થઈ વાંધા રજૂ કરવા.

જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો, આ અંગે કોઈ ઈસમને વાંધો કે તકરાર નથી તેમ માની કોર્ટ દ્વારા આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આજ તારીખ ૪થી માહે જાન્યુઆરી સને ૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સીક્કો | સહી/- |
| (એમ.કે. મોર) | (આર. બી. મોથલીયા) | | (એ.યુ. સોનગરા) |
| આસીસ્ટન્ટ | સીની. ક્લાર્ક | | ઈ.ચા. રજીસ્ટ્રાર |

પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, અરવલ્લી, મુ. મોડાસા